## ધોરણ–૧૦, ૧૧ અને ૧૨ સંબંધમાં શૈક્ષણિક બાબતો માટે સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી/ અંશતઃ આખરી ઉપાડ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૯૧–૧૨૧૨–ચ
સચિવાલય, ગાંધીનગર, તા.૨૮–૨–૦૫

**વંચાણે લીધા** :(૧)નાણાં વિભાગનો ઠરાવક્રમાંકઃપીએફઆર–૧૦૯૧–૧૨૨૨–ચ,તા.૩૦–૧–૯૨

(૨)નાણાં વિભાગનો ઠરાવક્રમાંકઃ પીએફઆર–૧૦૯૧–૭૩૭–(૯૫)–ચ તા.૫–૧–૯૬

(૩)નાણાં વિભાગનો ઠરાવક્રમાંકઃપીએફઆર–૧૦૯૯–૫૩૦–ચ,તા.૨૧–૯–૯૯

પ્રસ્તાવનામાં નિર્દેશિત ઠરાવોની ધોરણ–૧૦, ધોરણ–૧૨ ના અભ્યાસક્રમો માટે કર્મચારીઓને તેમના સામાન્ય ભવિષ્યનિધિમાંથી અનુક્રમે રૂ. ૭,૦૦૦, રૂ.૧૦,૦૦૦ અને રૂ.૧૫,૦૦૦ ની મર્યાદામાં અંશતઃ આખરી ઉપાડ/ પેશગી મળવાપાત્ર છે.

૨. પ્રર્વતમાન સમયમાં અભ્યાસ માટે ફી સહિત અન્ય આનુષંગિક ખર્ચાઓમાં થયેલ વધારાને અનુલક્ષીને કર્મચારી મહામંડળોની રજુઆતોના અનુસંધાને હાલ મળવાપાત્ર અંશતઃ આખરી ઉપાડમાં વધારો કરવાનું સરકારની વિચારણા હેઠળસ હતું. પુખ્ત વિચારણાના અંતે સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.

પેશગી : હાલ વિવિધ હેતુઓ માટે ૩ મહિનાનો પગાર અથવા ફંડમાં જમા રકમની અડધી રકમ તે બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની પેશગી મળવાપાત્ર છે. ધોરણ–૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં સંતાનોના વાલી કર્મચારીઓને આવી પેશગી મંજુર કરી શકાશે.

**અથવા** ધોરણ–૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં સંતાનોના વાલી કર્મચારીઓને અનુક્રમે રૂ. ૨૦,૦૦૦ રૂ.૩૦,૦૦૦ અને રૂ. ૪૦,૦૦૦ ની મર્યાદામાં અંશતઃ આખરી ઉપાડ મંજુર કરી શકાશે.

૪. ઉપર મુજબ પેશગી અંશતઃ આખરી ઉપાડ સંબંધિત સક્ષમ અધિકારી, હાલના નિયમો અને બીજી શરતોને આધીન મંજૂર કરી શકશે.

૫. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોમાં હવે પછી જરૂરી સુધારા કરવામાં આવશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.ડી. સેઈલર**
ઉપસચિવ, નાણા વિભાગ

.....................................................................................